## આંક–૧ લગત હુકમ

૧. રેકર્ડ ધ્યાને લીધું, હાલની ફરીયાદ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળ કરવામાં આવેલ છે. હાલનો કેસ **સને:૨૦૧૭** ના વર્ષનો છે.હાલના કેસમાં રેકર્ડ વંચાણે લેતાં વારંવાર પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવેલ છે અને ત્યારથી સદરહું કામ આરોપીને બજવણી માટે પેન્ડીંગ છે. ફરીયાદપક્ષે આરોપીનું નવું સરનામું રજુ કરેલ નથી. ફરીયાદી ધ્વારા હાલના કેસમાં આરોપીનું નવું સરનામું રજુ કરી ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવા તસ્દી લેવામાં આવેલ નથી. ફરીયાદીની ગેરહાજરી બાબતે મુકિત રીપોર્ટ રજુ કરેલ નથી. જેથી, ફરીયાદપક્ષને કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ન હોવાનું ફલિત થાય છે. રેકર્ડ વંચાણે લેતાં આરોપીને પ્રોસેસની બજવણી નવા સરનામાના અભાવે થઈ શકેલ ન હોવાનું ફલિત થાય છે, જે બદલ ફરીયાદીની બેદરકારી જણાઈ આવે છે. હાલનો કેસ ઘણા લાંબા સમયથી બિન અસરકારક રીતે પડી રહેલ છે. તેમ છતાં, આરોપીની હાજરી સુનિશ્ચિત કરવા અસરકારક પગલાં ફરીયાદીએ ભરેલ નથી.

૨. વધુમાં,**નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના** ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે સાથોસાથ **નામ. ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબર: ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો** ચૂકાદો ધ્યાને લેતાં, તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે રદ કરવામાં આવે છે.

૨. આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૩ મી, માહે:મે,સને–૨૦૨૩ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩–૦૫–૨૦૨૩<br>
મુકામ: અમદાવાદ

**( સલીમબાદશાહ આઈ.પટેલ )**<br>
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ<br>
ને.ઈ.એ.કોર્ટ નં.૩૦,અમદાવાદ.<br>
GJ01096